પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૩૧ • કુલ પાના : ૪ • તારીખ : ૨૫-૦૫-૨૦૨૨ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ટોક્યોમાં મોદી-બાઈડનની મુલાકાત


## ભારત અને અમેરિકાની પાર્ટનરશીપ ખરેખર વિશ્વાસની પાર્ટનરશીપ છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

ટોક્યો,

જાપાનમાં ક્વાડ સમિટિ પછી વડાપ્રધાન મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને દ્વિપક્ષીય બેઠક કરી છે. આ દરમિયાન બાઈડને કોરોનાના સમય દરમિયાન ભારતના કામોની પ્રશંસા કરી. બીજી તરફ વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારત અને અમેરિકાની પાર્ટનરશીપ ખરેખર વિશ્વાસની પાર્ટનરશીપ છે. આપણા એક સરખા હિતોએ બંને દેશોની વચ્ચેના વિશ્વાસના આ બંધનને મજબુત કર્યું છે.

આ પહેલા સમિટમાં બાઈડને કોરોના મહામારીમાંથી બહાર આવવાને લઈને મોદીએ કરેલા કામની પ્રશંસા કરી હતી. બાઈડને મહામારીમાંથી બહાર આવવાને લઈને ચીન અને ભારત કરેલા કાર્યોની સરખામણી કરી હતી અને તેમાં ચીનને આ મામલે નિષ્ફળ ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે મોટા પ્રમાણમાં વસ્તી હોવા છતાં ભારતે કોરોના પર લોકશાહીની રીતે કાબુ મેળવ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું- મને વિશ્વાસ છે કે આપણી વચ્ચે ઈન્ડિયા-યુએસએ ઈન્વેસ્ટમેન્ટ ઈન્સેન્ટિવ એગ્રીમેન્ટથી રોકાણના ક્ષેત્રમાં વધારો જોવા મળશે. બાઈડને કહ્યું કે બંને દેશ ભેગા થઈને ઘણું બધુ કરી શકે છે અને હજી પણ કરશે. હું અમેરિકા-ભારતની પાર્ટનરશીપને હજી પણ વધુ મજબુત બનાવવા માટે



કમિટેડ છું.

ક્વાડ સમિટમાં બોલતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે ક્વાડની સફળતાની પાછળ સહયોગી દેશોની નિષ્ઠા છે. કોરોનાના સમયે આપણે બધાએ સપ્લાઈ ચેન દ્વારા તેમાંથી બહાર આવવાનો શક્ય તેટલો પ્રયત્ન કર્યો. વડાપ્રધાને વધુમાં કહ્યું કે હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં આપણા બધાની પહેલી પ્રાથમિકતા સુરક્ષા છે. ક્વાડે ખૂબ જ ઓછા સમયમાં એક સારી ઓળખ બનાવી છે.પીએમ મોદીએ કહ્યું કે ભારત અને અમેરિકાની રણનીતિક ભાગીદારી સાચા અર્થમાં એક વિશ્વાસની ભાગીદારી છે. અનેક ક્ષેત્રોમાં અમારા આ સરખા હિતોએ વિશ્વાસના સંબંધને મજબૂત બનાવ્યો છે. વેપાર અને રોકાણમાં પણ સતત વધારો થયો છે. જો કે આ અમારી તાકાત કરતા ઘણો ઓછો છે તેમણે કહ્યું કે ટેક્નોલોજી ક્ષેત્રે અમે દ્વિપક્ષીય સહયોગ વધારી રહ્યા છીએ અને વૈશ્વિક મુદ્દાઓ ઉપર પણ પરસ્પર સમન્વય કરી રહ્યા છીએ.

તેમણે વધુમાં કહ્યું હતં કે ક્વાડનો વ્યાપ વધી ગયો છે અને સ્વરૂપ પ્રભાવી થઈ ગયું છે. આપણો પરસ્પર વિશ્વાસ, દૃઢ સંકલ્પ, લોકાશાહીની શક્તિઓને નવી ઊર્જા અને ઉત્સાહ આપી રહ્યો છે. આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને કહ્યું હતું કે હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં ચીન સતત પડકાર સર્જી રહ્યું છે. તેમણે યુક્રેન યુદ્ધ માટે રશિયાને જવાબદાર ઠેરવ્યું છે. તેમણે આગળ કહ્યું હતું કે રશિયા જંગ સમાપ્ત કરવાના મૂડમાં નથી.

બીજી બાજુ અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને કહ્યું કે પીએમ મોદી, આપણા દેશ ભેગા મળીને ઘણું બધુ કરી શકે છે અને કરશે પણ ખરા. હું પૃથ્વી પર અમારા સૌથી નજીકના વચ્ચે અમેરિકા-ભારત ભાગીદારી બનાવવા માટે પ્રતિબદ્ધ છું. અહીં પણ તેમણે રશિયા-યુક્રેન યુદ્ધનો ઉલ્લેખ કરતા કહ્યું કે અમે યુક્રેન પર રશિયાના ક્રુર અને બિનન્યાયસંગત આક્રમણના પ્રભાવો અને સમગ્ર વિશ્વ વ્યવસ્થા પર તેની અસર વિશે પણ ચર્ચા કરી. અમેરિકા અને ભારત આ નકારાત્મક અસરોને કેવી રીતે ઓછી કરી શકાય તેના પર બારીકાઈથી ચર્ચા વિચારણા કરવાનું ચાલુ રાખશે. અત્રે જણાવવાનું કે અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા બાદ જો બાઈડેન સાથે પીએમ મોદીની આ બીજી મુલાકાત છે. આ બેઠક પહેલા બાઈડેને પીએમ મોદીની પ્રશંસા પણ કરી હતી.

આ પહેલાં સોમવારે પીએમ મોદીએ ટોક્યોમાં જાપાનની બિઝનેસ લીડર્સની ગોલમેજ સમિટમાં ભાગ લીધો હતો. એમાં ૩૦થી વધુ જાપાનની કંપનીઓના મોટા અધિકારીઓ અને સીઈઓની સાથે વાત કરી. સોમવારના કાર્યક્રમમાં મોદીએ બિઝનેસ લીડર્સને ભારતના વેપારમાં થયેલા સુધારા અંગે જણાવ્યું અને તેમણે મેક ઈન ઈન્ડિયા ફોર ધ વર્લ્ડ માટે આમંત્રિત કર્યા. મોદી ટોક્યોમાં પોતાના પહેલા દિવસે ઈન્ડો-પેસેફિક ઈકોનોમિક ફ્રેમવર્ક ઈવેન્ટમાં પણ સામેલ થયા હતા. મોદીએ જાપાનની મુલાકાત દરમિયાન ઓટોમાબાઈલની જાણીતી સુઝુકી કોર્પોરેશનના એડવાઈઝર ઓસામુ સુઝુકી સાથે મુલાકાત કરી. એ પછી સોફટબેક્ક ગ્રુપ કોર્પોરેશનના બોર્ડ ડાયરેક્ટર માસાયોશી સોન સાથે મુલાકાત કરી.

## ઘઉં બાદ હવે ખાંડની નિકાસ પર પ્રતિબંધની તૈયારી

નવીદિલ્હી,

કેન્દ્ર સરકાર ઘઉંની જેમ ખાંડની નિકાસ પર પ્રતિબંધ મૂકવાની યોજના બનાવી રહી છે.એક રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. અહેવાલ મુજબ, સ્થાનિક ભાવમાં ઉછાળાને રોકવા માટે સરકાર લગભગ છ વર્ષમાં પ્રથમ વખત ખાંડની નિકાસને પ્રતિબંધિત કરી શકે છે. એવું પણ શક્ય છે કે સરકાર આ સિઝનમાં નિકાસને ૧૦ મિલિયન ટન સુધી મર્યાદિત કરી શકે છે.

આપને જણાવી દઈએ કે ભારત વિશ્વમાં ખાંડનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. તે જ સમયે, તે બ્રાઝિલ પછી બીજા નંબરનો સૌથી મોટો નિકાસકાર છે. સપ્ટેમ્બરમાં પૂરા થતા વર્તમાન માર્કેટિંગ વર્ષમાં ભારતે ૧૮ મે સુધીમાં ૭.૫ મિલિયન ટન ખાંડની નિકાસ કરી છે. ભારતમાંથી મોટા આયાત કરનારા દેશોમાં ઈન્ડોનેશિયા, અફઘાનિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, સંયુક્ત અરબ અમીરાત, મલેશિયા અને આફ્રિકન દેશો છે.

માર્કેટિંગ વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦માં અનુક્રમે લગભગ ૬.૨ લાખ ટન, ૩૮ લાખ ટન અને ૫૯.૬૦ લાખ ટન ખાંડની નિકાસ કરવામાં આવી હતી. દેશના કુલ ખાંડ ઉત્પાદનમાં ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટકનો હિસ્સો લગભગ ૮૦ ટકા છે. દેશના અન્ય મુખ્ય શેરડી ઉત્પાદક રાજ્યોમાં આંધ્રપ્રદેશ, ગુજરાત, મધ્યપ્રદેશ, ઓડિશા, તમિલનાડુ, બિહાર, હરિયાણા અને પંજાબનો સમાવેશ થાય છે.

## દરિયામાં ૫૦થી ૬૦ કિલોમીટરની ઝડપે ફુંકાતો પવન : બંદરો પર એલર્ટ

રાજકોટ,

નૈઋત્યનું ચોમાસુ આગળ વધી રહ્યું છે અને અરબી સમુદ્રમાં તેની એન્ટ્રી થવાની સાથે દરિયામાં કરટં જોવા મળી રહ્યો છે. પ્રતિ કલાકના ૪૦ થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફંકાય છે અને અમુક તબક્કે તેમની ઝડપ વધીને ૬૦ કિલોમીટર આસપાસ પહોંચી જતી હોવાથી જખો, માંડવી, મુન્દ્રા, ન્યુ કંડલા, નવલખી, જામનગર, સલાયા, પોરબંદર, મૂળ દ્રારકા, વેરાવળ, દીવ, જાફરાબાદ પીપાવાવ ભાવનગર અલગં ભચ દહેજ મગદલ્લા અને દમણના બંદરો પર એલર્ટ આપી દેવાયું છે.

આજે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધી ગયું છે અને રાજકોટ વેરાવળ ભુજ સુરત વડોદરા અને અમદાવાદમાં આકાશમાં અપર લેવલે ભેજવાળા વાદળો જોવા મળી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં ભાવનગર અને સુરેન્દ્રનગરને બાદ કરતા તમામ સ્થળે મહત્તમ તાપમાન નો પારો ૪૦ ડિગ્રી થી નીચે આવી ગયો છે. ગરમીનું પ્રમાણ ઘટી ગયું છે પરંતુ ભેજવાળા વાદળના કારણે બફારો વધી ગયો છે.

હવામાન ખાતાના જણાવ્યા મુજબ અંદામાન નિકોબારના ટાપુઓ પર ચોમાસાનો પ્રારભં કર્યા બાદ તે ધીમે ધીમે આગળ વધી રહ્યું છે અને કેરળમાં તારીખ ૨૭ ની આસપાસ ચોમાસું બેસી જશે તેમ લાગે છે.

## આસામમાં પૂર અને ભૂસ્ખલનમાં ૨૫ના મોત, કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર રાહત ન આપવાનો આરોપ લગાવ્યો

ગોવાહાટી,

પૂર્વોત્તર રાજ્ય આસામમાં અત્યાર સુધીમાં ૨૫ લોકોના મોત થયા છે અને સાડા સાત લાખથી વધુ લોકો પૂરથી પ્રભાવિત છે. મળતી માહિતી મુજબ, આ ૨૫ લોકોમાંથી ૨૦ લોકોના મોત પૂરના કારણે અને ૫ લોકો ભૂસ્ખલનથી મૃત્યુ પામ્યા છે. આસામ રાજ્યનો મોટો હિસ્સો ૧૩ મેથી પૂર અને ભૂસ્ખલનથી પ્રભાવિત છે. આ સાથે રાજ્યમાં પૂર અને ભૂસ્ખલનથી પડોશી રાજ્યો પણ પ્રભાવિત થયા છે. આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના અહેવાલ મુજબ, કચર જિલ્લાના સિલચરમાં પૂરના પાણીમાં ડૂબી જવાથી એક વ્યક્તિનું મોત થયું છે.

અહેવાલ મુજબ, રાજ્યનો નાગાંવ વિસ્તાર પૂરથી સૌથી વધુ પ્રભાવિત છે જ્યાં ૩ લાખ ૫૧ હજાર લોકો સંકટનો સામનો કરી રહ્યા છે. હાલમાં રાજ્યમાં ૧૭૦૯ ગામો ડૂબી ગયા છે અને ૮૨૫૦૩ હેક્ટરમાં ફેલાયેલો પાક નાશ પામ્યો છે. તો કોંગ્રેસે આ મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરી છે અને કહ્યું છે કે, ભાજપ સરકારે આસામને



નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ હેઠળ મળતી રાહત રકમથી વંચિત રાખ્યું છે. આસામમાં કોંગ્રેસના નેતા મનજીત મહંતે કેન્દ્ર સરકાર પર આરોપ લગાવ્યો છે કે NDRF હેઠળ જ્યાં ગુજરાતને વર્ષ ૨૦૨૧-૨૨માં એક હજાર કરોડ રૂપિયા મળ્યા હતા, ત્યાં આસામને એક નવો પૈસા પણ આપવામાં આવ્યો નથી. તેમણે કહ્યું કે ભાજપના કાર્યકાળ દરમિયાન વર્ષ ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦માં કેન્દ્ર દ્વારા આસામને કંઈપણ ફાળવવામાં આવ્યું નથી. તેમણે કહ્યું કે ૨૦૨૦-૨૧માં આસામને માત્ર ૪૪.૩૭ કરોડ રૂપિયા મળ્યા છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાને લપેટમાં લેતા, તેમણે પૂછ્યું કે શું મુખ્યમંત્રી પાસે મોદી સરકારની અસમાનતાને સમર્થન આપવા માટે કોઈ દલીલ છે.

આસામમાં અવિરત વરસાદ, પૂર અને ભૂસ્ખલનને કારણે ભારતીય રેલ્વેએ રાજ્યમાં ટ્રેનો રદ કરી છે. આસામમાં ટ્રેનના પાટા પાણીમાં ડૂબી ગયા છે. તેથી રેલવેએ જૂન મહિના સુધી ટ્રેનોની અવરજવર પર પ્રતિબંધ મૂક્યો છે. નોર્થ ઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વેના લુમડિંગ ડિવિઝન પર પાણી ભરાવા અને ભૂસ્ખલનને કારણે પણ આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેના કારણે ત્રિપુરા, મિઝોરમ, મણિપુર જેવા પડોશી રાજ્યોનો રોડ અને રેલ્વે માર્ગ સંપૂર્ણપણે કપાઈ ગયો છે.



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

### મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજયના ૧૪ આદિજાતિ જિલ્લાઓના

# ૧.૨૩ લાખ આદિવાસી ખેડૂતો માટે કૃષિ વૈવિધ્યકરણ યોજના ૨૦૨૨-૨૩નો ગાંધીનગર ખાતેથી વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો

લુણાવાડા,
મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજયના ૧૪ આદિજાતિ જિલ્લાના ૧.૨૩ લાખ આદિવાસી ખેડૂતો માટે કૃષિ વૈવિદયકરણ યોજના ૨૦૨૨-૨૩નો અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી બેલ્ટમાં વસતા આદિજાતિ ખેડૂતોની આવકમાં વધારો થાય તે માટે ગાંધીનગર ખાતેથી વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં યોજનાના ઓનલાઈન અમલીકરણની નવતર પહેલાના ભાગરૂપે રાજયના ૧૪ જિલ્લામાં યોજાયેલ આ કાર્યક્રમ અંતર્ગત મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતે રાજયના આરોગ્ય રાજય મંત્રી નિમિષાબેન સુથારની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજયો હતો.

મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના ગાંધીનગર ખાતે યોજાયેલ વર્ચ્યુઅલ કાર્યક્રમનું આરોગ્ય રાજય મંત્રી
નિમિષાબેન સુથાર સહિત ઉપસ્થિત સૌ મહાનુભાવોએ જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

મુખ્ય મંત્રીએ ગાંધીનગર ખાતેથી યોજનાકીય પ્રારંભ કરાવતા આદિવાસી બેલ્ટમાં વસતા આદિજાતિ ખેડૂતોની ખેત આવકમાં વધારો કરી ખેતી વૈવિધ્યપૂર્ણ અને સસ્ટેઈનેબલ બનાવવાની નેમ વ્યકત કરી હતી.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મુખ્ય મંત્રીએ વર્ષોથી પરંપરાગત રીતે ખેતી કરતા આવતા આદિવાસી બંધુઓને ખેતીમાંથી થતી આવક વધારવા આ કૃષિ વૈવિદયકરણ યોજના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દિશા દર્શનમાં શરૂ કરવામાં આવી હોવાનું જણાવી વડાપ્રધાનએ આત્મનિર્ભર ભારતનો મંત્ર આપ્યો છે ત્યારે આવા નાના-સિમાંત આદિજાતિ ખેડૂતોને કૃષિ વૈવિદયકરણ સહાય આત્મનિર્ભરતાના માર્ગે લઈ જવાની દિશામાં મોટું કદમ હોવાનું જણાવ્યું હતું. સંતરામપુર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં આરોગ્ય રાજય મંત્રી નિમિષાબેન સુથારએ નાના ખેડૂતોથી માંડી આદિજાતિ ખેડૂતોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે કટિબધ્ધ હોવાનું જણાવ્યું હતું.

સુથારએ ખેડૂતોને કૃષિ પાક વૈવિદયકરણ યોજનાની વિગતવાર જાણકારી આપી યોજનાકીય હેતુ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ લાભાર્થીએ ફકત ઓનલાઈન અરજી કરવાની રહેશે.

આરોગ્ય રાજય મંત્રી સુથારએઆદિજાતિ ખેડૂતોને કૃષિ વૈવિધ્યકરણની સાથોસાથ પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો. સુથારએ રાજય સરકાર દ્વારા સમાજના તમામ વર્ગોના ઉત્થાન માટે કાર્ય કરી હોવાનું જણાવી ગરીબના ઘરમાં ભોજન, શિક્ષણ, વીજળી, પાણી, આરોગ્ય જેવી વિવિધ સેવાઓ પૂરી પાડી હોવાનું કહ્યું હતું. તેમણે વધુમાં આદિજાતિ સમાજના લોકો સુખી અને સંપન્ન બને અને તેમના મળવાપાત્ર હકકો મળે તેવી પણ વ્યવસ્થા ઉભી કરી છે ત્યારે રાજય સરકારની આ વિકાસયાત્રામાં સહભાગી થવા જણાવ્યું હતું.

આ પ્રસંગે ઉચ્ચ શિક્ષણ રાજય મંત્રી કુબેરભાઈ ડીંડોરએ મહીસાગર જિલ્લાના આદિજાતિ ખેડૂતોને શુભેચ્છા સંદેશો પાઠવ્યો હતો.

આ પ્રસંગે રાજયના ૧૪ આદિજાતિ જિલ્લાઓના ૧.૨૩ લાખ આદિવાસી ખેડૂતો માટે કૃષિ વૈવિદયકરણ યોજના ૨૦૨૨-૨૩ના પ્રારંભ કરવામાં આવ્યો તેમાં મહીસાગર જિલ્લાના ૬૬૦૩ લાભાર્થી ખેડૂતોને આવરી લેવામાં આવ્યા છે. આ ખેડૂતોને રૂા.૧.૮૦ કરોડની સહાય ચૂકવવામાં આવશે.

આ પ્રસંગે મહીસાગર જિલ્લાના લાભાર્થીઓ પૈકી ૧૧ લાભાર્થી ખેડૂતોને પ્રતિકાત્મક રૂપે સ્ટેજ ઉપરથી આરોગ્ય રાજય મંત્રી નિમિષાબેન સુથાર અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે બિયારણ અને ખાતરની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં પ્રાયોજના વહીવટદાર જે. કે. જાદવએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકારી કૃષિ વૈવિદયકરણ યોજનાની રૂપરેખા આપી હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ રમીલાબેન ડામોર, જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણી, જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારિયા, સંતરામપુર તાલુકા પંચાયત પ્રમુખ શારદાબેન પટેલિયા, કડાણા તાલુકા પંચાયત પ્રમુખ કમલેશભાઈ બાદરિયા, પ્રાંત અધિકારી કૌશિકભાઈ જાદવ, જિલ્લા-તાલુકાના સંગઠનના પદાધિકારીઓઅને ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સંતરામપુર તાલુકાના ફરવા ગ્રામ પંચાયત સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના ફળવા ગ્રામ પંચાયતના સરપંચ સામે ડેપ્યુટી સરપંચ અને સભ્યો દ્વારા અવિશ્વાસની દરખાસ્ત મૂકી હતી અને તાલુકા વિકાસ અધિકારીને આપવામાં આવેલ હતુ. સંતરામપુર તાલુકાના ફળવા ગ્રામ પંચાયત સરપંચની મનમાની અને વિકાસના કામોમાં ગેરરીતિઓ અને અન્ય વોર્ડમાં કામગીરી ન કરવા તથા સરકારની યોજનામાં જાગૃતિના કરવા બાબતમાં ડેપ્યુટી સરપંચ અને સભ્ય અવિશ્વાસની દરખાસ્ત મૂકી હતી. સંતરામપુર તાલુકાના ફળવા ગામે પાંચ એક માસ અગાઉ થયેલ ફરવા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં જેમાં આઠ સભ્યોની બોડી હતી. તેમાં ચૂંટાયેલા સભ્યો આઠ છીએ સરપંચ તરીકે મંજુલાબેન ગણપતભાઈ ડામોર ચૂંટાયા હતા અને ડેપ્યુટી સરપંચ તરીકે ગણપતભાઈ દલાભાઈ કટારા ઉપસરપંચ તરીકે


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

ચૂંટાયા શરૂઆતથી આજ દિન સુધી પ્રજાના પ્રશ્નો સરપંચે સાંભળતા ન હતા અને પોતાની મનમાની કરીને મહિલા સરપંચને હોદ્દાનો દુરૂપયોગ કરી પોતાના કાકા સસરા દીપાભાઈ પુજાભાઈ ડામોર બધો વહીવટ આપી દીધો હતો. પ્રથમ મીટીંગમાં જ ચર્ચા કર્યા મુજબ ડેપ્યુટી સરપંચ સહિતના નમુના બેંકના નાણાકીય વ્યવહાર માટે નક્કી કરવામાં આવેલા હતા પરંતુ અમને અંધારામાં રાખીને પોતાના નામે તથા કાકા સસરા દીપાભાઈ પુજાભાઈ ડામોરના નામે ગ્રામ પંચાયતના ખાતાની બેંકોમાંથી નાણાંકીય વ્યવહારો કરી ઉચાપત કરી જાણવા આવેલ છે અને તે કોઈપણ સરકારી યોજનાનો મળતી ગ્રાન્ટ ક્યાં વાપરવી કેટલી વાપરવી એ અંગેની કોઈપણ પ્રકારની જાણ કરતા ન હતા અને વિચારણા કરવામાં આવતી નથી. કોઈ પણ સભ્યોને વિશ્વાસમાં લીધા વિના આ રીતની કામગીરી કરવામાં આવતી હતી. ડેપ્યુટી સરપંચ કે સભ્ય પૂછ્યા વિના નિર્ણય લેવામાં આવતો હતો. અમારી સાથે મનસ્વી વર્તન કરે જે ફરવા ગામે ૧૫ મું નાણાપંચ બોર મોટર એટીવીટી નરેગા વિવિધ યોજનાઓમાં કામગીરીમા ગેરરીતિઓ કરેલી છે. આના કારણે આજે તાલુકા વિકાસ અધિકારી અને તલાટીની સરપંચ સહિત સભ્યો ભેગા મળીને આ વિશ્વની દરખાસ્ત રજૂ કરી હતી. સરપંચ સામે તાત્કાલિક કાર્યવાહી કર્યા અને હોદ્દા પરથી દૂર કરી ટીવી માંગણી કરી હતી. સભ્યોમાં અવિશ્વાસની દરખાસ્ત પર ગણપતભાઈ દલાભાઈ કટારા, ઉપસરપંચ શાંતાબેન ભુરાભાઈ ખાંટ, લીલાબેન મનહરભાઈ પારગી, નારસિંગભાઈ માલીવાડ, મનુભાઈ કડવાભાઈ નીનામા આ તમામ સરપંચ વિરોધમાં અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

## કડાણા ડેમની જળ સપાટી ૩૯૦ ફૂટ અને ૩ ઈંચ પહોંચી : ૩૮૧ ફૂટ થશે તો કેનાલમાં વહેતું પાણી બંધ થાય તેવી સ્થિતિનું નિર્માણ

- કડાણા ડેમમાં હાલ પાણીની આવક માત્ર ને માત્ર ૮૦ કયુસેક છે અને ડેમ માંથી પાણી ની જાવક કુલ ૯૦૦ કયુસેક પાણી છોડાઈ રહેલ છે.
- કડાણા બંધમાં પાણીની સપાટીમાં ઉતરોતર ઘટાડો જોવા મળે છે. જેથી ડેમમાં હાલ પાણીની સંગ્રહશકિતમાં પણ ઘટાડો થતો જોવા મળે છે.
- કડાણા બંધમાં આજરોજ સવારે સાડાદસ વાગે પાણીની સપાટી ૩૯૦ ફુટ ને ૩ ઈંચ જોવા મળતી હતી.


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,
કડાણા બંધમાં થી હાલ ૧૫૦ કયુસેક પાણી કડાણા ડાબાકાંઠા કેનાલમાં છોડાઈ રહેલ છે. જ્યારે કડાણા હાઈડ્રોપાવર પ્રોજેકટના વિજ ઉત્પાદન માટે ડેમ માંથી ૮૦૦ કયુસેક પાણી છોડાઈ રહેલ છે. કડાણા બંધમાં પાણીની સપાટીમાં ઉતરોતર ઘટાડો થતાં આગામી સમયમાં ખેતી માટેના પાણી અને પીવાના પાણીની પણ સમસ્યા ઊભી થાય તેવા એંધાણ જોવાય છે. કડાણા બંધના પાણી આધારીત કડાણા જુથ પાણીપુરવઠા યોજનાને ભાણાસીમલ જુથ પાણીપુરવઠા યોજના હેઠળ અપાતું પીવાનાં પાણીની વિતરણમાં પણ મુશ્કેલી સર્જાયેલ જોવા મળે છે. દાહોદ પાઈપલાઈન માટે પણ પાણીની મુશ્કેલી જોવાં મળે છે. જુથ પાણી પુરવઠા યોજના હેઠળના પાણી જે જે ગામોમાં વિતરણ કરાય છે. ત્યાં પણ પીવાનાં પાણીની સમસયા જોવા મળે છે અને ટેન્કરો દ્વારા ગામડાઓમાં પાણીનું વિતરણ કરવામાં આવતું હોવાં છતાં પણ પાણીની ખેંચ જોવા મળે છે અને સમસયાનો ઉકેલ જોવાં મળતું નથી. કડાણા બંધમાં પાણીની સપાટી ૩૮૧ફુટ થાય તો કદાચ કેનાલમાં પાણી વહેતું બંધ થાય તેવી સ્થિતિનું નિર્માણ થાય તેમ જણાઈ રહેલ છે.

## મહીસાગર-લુણાવાડા ખાતે પ્રથમ ટ્રાન્સ જેન્ડર લોકોને પ્રમાણપત્ર અને ઓળખકાર્ડ એનાયત કરતાં જિલ્લા કલેકટર ડો.મનિષકુમાર



લુણાવાડા,
ભારત સરકાર દ્વારા ટ્રાન્સ જેન્ડર વ્યકિતઓ માટેના કાયદા અંતર્ગત તેઓને વિવિધ પ્રકારની સરકારની યોજનાઓના લાભ સરળતાથી મળી રહે તેમજ ટ્રાન્સ જેન્ડર લોકોની સમાજમાં ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે મહીસાગર-લુણાવાડા કલેકટર કચેરી ખાતે આજે જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર બંસલના હસ્તે પ્રથમ ટ્રાન્સ જેન્ડર લોકોને પ્રમાણપત્ર અને ઓળખકાર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.આજે કલેકટરાલય ખાતે ટ્રાન્સ જેન્ડર લાભાર્થી સુમનકુંવર કૈલાસકુંવરને ઓળખપત્ર એનાયત કરતાં જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર બંસલએ સરકાર દ્વારા ટ્રાન્સ જેન્ડરોના કલ્યાણ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવે છે તેનો લાભ લેવાનો અનુરોધ કર્યો હતો.

ટ્રાન્સ જેન્ડર લાભાર્થી સુમનકુંવરએ ટ્રાન્સ જેન્ડરનું પ્રમાણપત્ર અને ઓળખપત્ર મળતાં હર્ષની લાગણી વ્યકત કરી હતી.

## મહીસાગર જિલ્લામાં આસિસ્ટન્ટ ચેરિટી ભવનનું વર્ચ્યુઅલ ભૂમિપૂજન

લુણાવાડા,
મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે આજે તા. ૨૫/૫/૨૦૨૨ના રોજ સવારના ૯-૧૫ કલાકે મહેસૂલ મંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીની ઉપસ્થિતિમાં રાજયમાં અદ્યતન સુવિધાયુકત ચેરિટી ભવનોનું વર્ચ્યુઅલ ભૂમિપૂજન કરવામાં આવશે.

રાજયમાં જે અદ્યતન સુવિધાયુકત ભવનોના વર્ચ્યુઅલ ભૂમિપૂજન કરવામાં આવનાર છે. તેમાં મહીસાગર જિલ્લાનો સમાવેશ થાય છે. તદ્અનુસાર મહીસાગર જિલ્લામાં લુણાવાડા ખાતે કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે સવારના ૯-૧૫ કલાકે આ આસિસ્ટન્ટ ચેરિટી ભવનનું વર્ચ્યુઅલ તકતીનું અનાવરણ કરી ભૂમિપૂજન કરવામાં આવશે.



**હરદાસપુર મુકામે ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર હરિદ્વાર સંચાલિત ગ્રામ્ય ગાયત્રી યજ્ઞ મંડળ દ્વારા હરદાસપુર મુકામે ૨૪ ગરોમાં એકસાથે ૨૪ કુંડી ગાયત્રી યજ્ઞનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું અને વહેલી સવારે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આખા ગામમાં આ શોભાયાત્રા ફરી હતી. હરદાસપુર ગામમાં ગાયત્રી મંત્રથી આખું ગામમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. આ ગાયત્રી યજ્ઞમાં લુણાવાડા ખાનપુર બાલાસિનોર તેમજ મલેકપુરના માં ભગવતી મહીલા મંડળ સહિતના કાર્યકર્તાઓ એ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો અને હરદાસપુર ગામમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.**

## હાલોલ પાનેલાવના અને વડોદરા મધ્યસ્થ જેલના પાકા કામના કેદી ફ્લો રજા ઉપર થી ફરાર થઈ જતાં ફરિયાદ

હાલોલ,
હાલોલ પાનેલાવ ખાતે રહેતા અને હાલ વડોદરા મધ્યસ્થ જેલમાં સજા કાપતા કેદીને ૧૪ દિવસના ફ્લો રજા ઉપર મુક્ત કરેલ હોય તે રજા પુરી થયે થી જેલમાં હાજર નહી થઈ ફરાર થઈ જતાં આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. વિસ્તૃત વિગતો પ્રમાણે હાલોલ પાનેલાવ જુની આંગણવાડી બાજુમાં રહેતા કામના આરોપી રમેશભાઈ શંકરભાઈ રાઠોડીયાને ૮ એપ્રિલ ૨૦૨૨ના રોજ થી ૧૪ દિવસના ફ્લો રજા પર મુક્ત કરવામાં આવેલ હોય અને ૧૧ એપ્રિલ ૨૦૨૨ના રોજ ફ્લો રજા પુરી થતાં વડોદરા મધ્યસ્થ જેલમાં હાજર નહી થઈ ફરાર થઈ ગયેલ હતા. આ બાબતે વડોદરા જયુડીશ્યલ જેલર દ્વારા હાલોલ રૂલર પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી.

### ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
### ટેન્ડર નોટીસ નં-૨,૩ અને ૪ સને-૨૦૨૨-૨૩ (પ્રથમ પ્રયત્ન)

ઈ-ટેન્ડર આઈ.ડી. નં.-૫૨૪૮૯૨, ૫૨૪૮૯૩ અને ૫૨૪૮૯૪
કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, સિલ્વર પ્લાઝા કોમ્પલેક્ષ, ધાનકાવાડ, ગોધરા, જીલ્લો-પંચમહાલ-૩૮૯૦૦૧, ફોન નં-૦૨૬૭૨-૨૪૩૯૪૧ દ્વારા નીચેના કામો માટે ઈ-ટેન્ડરો મંગાવવામાં આવે છે.
(૧) કામનું નામ-એકશન પ્લાન અંતગર્તની WSS-8-General/Tribal RWSS કાર્યક્રમ હેઠળ હેઠળ વિવિધ ૦૩ (ત્રણ) જુથ પાણી પુરવઠા યોજના તથા સંલગ્ન ફળીયા કનેકટીવીટી અંતગર્ત પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ, ડી.આઈ./પી.વી.સી. રાઈઝીંગ મેઈન/ગ્રેવિટી પાઈપ લાઈન, ઉંચી ટાંકી, ભુગર્ભ સંપ, પંપહાઉસ, સ્ટાફ કવાર્ટર, કંમ્પાઉન્ડ વોલ, સી.સી. એપ્રોચ રોડ, મીની પાઈપ, પમ્પીંગ મશીનરી વિગેરે ઈલેકટ્રોમિકેનિક કામગીરી તેમજ વિવિધ ઘટકોની પાંચ વર્ષની મરામત અને નિભાવણીની કામગીરી સહિતના મંગાવવામાં આવે છે.
(૧) નિવિદા નંબર-૨, પી.એમ.-૪ બી સુધારણા અને ફળીયા કનેકટીવીટી જુથ પાણી પુરવઠા યોજનાની કામગીરી, અંદાજીત કિમત રૂા.૫૮૯૩.૯૧ લાખ.
(૨) નિવિદા નંબર-૩, પાનમ સુધારણા અને ફળીયા કનેકટીવીટી જુથ પાણી પુરવઠા યોજનાની કામગીરી, અંદાજીત કિમત રૂા.૩૭૦૫.૫૭ લાખ
(૩) નિવિદા નંબર-૪, વર્ણાકબોરી સુધારણા જુથ પાણી પુરવઠા યોજનાની કામગીરી, અંદાજીત કિમત રૂા.૧૩૦૪.૩૯ લાખ

ઉકત કામગીરી માટે માર્ગ અને મકાન વિભાગ તથા સિંચાઈ ખાતાના યોગ્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતા તથા ટેન્ડરમાં જણાવ્યા મુજબની જરૂરી લાયકાત તથા અનુભવ અનુભવ ધરાવતાં ઠેકેદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે. ઉકત કામોની બાનાની રકમ ટેન્ડર ફી તથા અન્ય વિગતો ઉપરોકત સરનામે રૂબરૂ અથવા ફોન દ્વારા તેમજ વેબસાઈટ http //gwssb.nprocure.com ઉપર જોઈ શકાશે. ટેન્ડર ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ ૦૯/૦૬/૨૦૨૨,૧૮:૦૦ કલાક સુધી તથા ફિઝીકલ સબમિશનની છેલ્લી તારીખ-૧૦/૦૬/૨૦૨૨, ૧૫.૦૦ કલાક સુધીની રહેશે. સદર ટેન્ડર કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાનો અધિકાર આ કચેરીને અબાધિત રહેશે. આ કામની ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોકયુમેન્ટ/સુધારા કે કોઈપણ ફેરફાર હવે પછી વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડનો હેલ્પલાઈન નંબર ૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

કાર્યપાલક ઈજનેર
જા.આ.બાં.વિ, ગોધરા

માહિતી/ગોધરા/૧૭૭/૨૦૨૨

### લુણાવાડા નગર સેવા સદન
### ઈ-નિવિદા નં-૮૩૮ સને-૨૦૨૨-૨૩

આઈ.ડી.નં.
ચીફ ઓફિસરશ્રી, નગર સેવા સદન, લુણાવાડા ૩૮૯૨૩૦, ફોન નં.૦૨૬૭૪-૨૫૦૦૦૬ દ્વારા UDP-૮૮ સને.૨૦૨૦-૨૧, ૫૦% વ્યવસાયવેરા ગ્રાન્ટમાંથી કરવાના કામો માટે ઈ -ટેન્ડરીંગ પદ્ધતિથી ઓનલાઈન ટેન્ડરો માંગવામાં આવે છે. (૧) કામનું નામ-લુણાવાડા નગરપાલિકા વિસ્તારમાં જુદીજુદી જગ્યાએ સી.સી.રોડ, આર.સી.સી.રોડ, પેવર બ્લોક, સ્ટ્રોમ વોટર ડ્રેઈન, વરસાદી ગટરના મળી કુલ-૫ કામોની અંદાજીત કિંમત રૂ.૯૬.૯૩ લાખ (૨) એજન્સીની પાત્રતા ઠેકેદારશ્રીઓનું રજીસ્ટ્રેશન યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ હોવું જોઈએ. તથા ટેન્ડર ડોકયુમેન્ટમાં રાખેલ જોગવાઈ મુજબ (૩) ઓનલાઈન ટેન્ડર ટેકનીકલ બીડ ભરવાની છેલ્લી તારીખ ૦૪/૦૬/૨૦૨૨ (૧૮.૦૦ કલાક સુધી) (૫) ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ટેન્ડરમાં દર્શાવેલ દસ્તાવેજો રજુ કરવાનો સમયગાળો તારીખ-૦૪/૦૬/૨૦૨ થી તારીખ ૦૯/૦૬/૨૦૨૨ દરમ્યાન રજીસ્ટર પોસ્ટ એડીથી મોકલવાની રહેશે. (૬) બાનાની રકમ માટે બાના મુકિત પ્રમાણપત્ર સ્વિકારવામાં આવશે નહી. વધુ વિગતો http//nprocure.com વેબસાઈટ પરથી મેળવી શકાશે. ઓનલાઈન ટેન્ડરમાં તેમજ જાહેરાતમાં જણાવેલ દસ્તાવેજો ઓનલાઈન ટેકનીકલ બીડમાં મુકવાના રહેશે તેમજ તે તમામ દસ્તાવેજો ફીઝીકલ બીડ સાથે રજીસ્ટર પોસ્ટ એડીથી સમયમર્યાદામાં મોકલવાના રહેશે અને ઓનલાઈન સ્કેન કરી મુકેલ દસ્તાવેજો જ માન્ય ગણાશે અને તે મુજબના દસ્તાવેજો ફીઝીકલ બીડમાં મુકેલ હશે તે જ માન્ય રહેશે. ટેન્ડરને મંજુર કે ના મંજુર કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રી પાસે અબાદીત રાખેલ છે.

(દિપસિંહ હઠીલા)
મુખ્ય અધિકારી
નગરપાલિકા લુણાવાડા

(ભાવનાબેન જે.મહેતા)
પ્રમુખ
નગરપાલિકા લુણાવાડા

માહિતી/ગોધરા/૧૭૫/૨૦૨૨

### ઓન લાઈન ટેન્ડરીંગ
### માર્ગ અને મકાન વિભાગ
### જાહેર નિવિદા-૦૮ સને : ૨૦૨૨-૨૩ (બીજો પ્રયત્ન)
### ગુજરાત સરકાર

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા-૩૮૯૦૦૧ જિ.પંચમહાલ ફોન નં.(૦૨૭૭૨) ૨૪૩૪૨૧ દ્વારા ખાસ કક્ષા-III (રસ્તા) તથા તેની ઉપરની યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી હાલોલ પેટા વિભાગના રસ્તાઓની આસ્ફાલ્ટ પેચ વર્કની કામગીરી માટે ઓન લાઈન ભાવો મંગાવવામાં આવે છે.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામ માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઈટ https://rnb.nprocure.com પર તા.૩૦.૦૫.૨૦૨૨, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. અને તા.૩૦.૦૫.૨૦૨૨, ૧૮:૦૦ કલાક સુધી મોકલવાના રહેશે.

જ્યારે કામોના ઓનલાઈન ટેન્ડર ઉપર જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટ તા.૩૦.૦૫.૨૦૨૨ થી તા.૬.૦૬.૨૦૨૨ નાં રોજ સાંજના ૧૮:૦૦ કલાક સુધી મોકલવાનાં રહેશે.

વધુ વિગત માટે ઉપરોકત્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન ટેન્ડર શાખાનો સંપર્ક સાંધવા વિનંતી.

માહિતી/ગોધરા/૧૭૩/૨૦૨૨

## આપની આજ.......

મેષ : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. કાર્યક્ષેત્રમાં સાવધાની રાખો અને જ્યારે પ્રતિકૂળ પરિસ્થિતિ ઊભી થાય ત્યારે ક્રોધને કાબૂમાં કરો. ભાગીદારીમાં થઈ રહેલા કામમાં અડચણ આવી શકે છે.

વૃષભ : આજનો દિવસ કંઈક વિશેષ કરવાની ભાગદોડમાં પસાર થશે. કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથે સારા સંબંધો રાખજો. આજે સરકારી યોજનાનો લાભ મેળવવાની પૃષ્ઠભૂમિ તૈયાર થશે. જો તમારે નોકરી બદલવી છે તો સમય અનુકૂળ છે, ફાયદો થશે.

મિથુન : રોજગારી ક્ષેત્રે આવતી અડચણ દૂર થશે અને કોઈ વિશેષ કાર્યક્રમ હેઠળ રોકાયેલા નાણા આશ્ચર્યજનક રીતે પ્રાપ્ત થશે. ધર્મ અને અધ્યાત્મમાં રસ વધશે. વ્યવસાયમાં લીધેલા જોખમો તમારા માટે ફાયદાકારક સાબિત થશે.

કર્ક : આજે બાળકોની સમસ્યાનું નિરાકરણ આવશે અને રોજગાર માટેના પ્રયત્નોમાં પણ સફળતા મળશે. વિદ્યાર્થીઓ કોઈપણ સ્પર્ધામાં જીતી શકે છે. હવામાન પરિવર્તન આરોગ્ય પર પ્રતિકૂળ અસર થઈ શકે છે અને અનિદ્રાની ફરિયાદો પજવણી કરી શકે છે.

સિંહ : વૃદ્ધોની સહાયથી ઘરના લોકોની સમસ્યાનું નિરાકરણ આવશે અને રાજ્યની સહાય પણ પૂરી પાડવામાં આવશે. ક્ષેત્રમાં તમારી સ્થિતિ અને સત્તામાં વધારો થશે, પરંતુ તમારા સાથીઓનો મૂડ બગડશે.

કન્યા : મિત્રોના સહયોગથી કરવામાં આવતા કામમાં અડચણ આવી શકે છે. ઘર માટે ઉપયોગી વસ્તુઓ આજે ખરીદી શકાય છે. અતિથિઓનું અચાનક આગમન ખર્ચમાં વધારો કરી શકે છે.

તુલા : આજનો દિવસ મિશ્રિત ફળ આપનારો છે. જો તમે વેપારી છો, તો તમારે બિનજરૂરી મહેનત કરવી પડી શકે છે. ધંધાકીય ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી છે. સરકારી કર્મચારીઓએ ઉતાવળમાં કોઈ કામ ન કરવું જોઈએ, નહીં તો અધિકારીઓમાં ગુસ્સો આવી શકે છે.

વૃશ્ચિક : સવારથી ધંધામાં થોડો ફાયદો થવાની સંભાવના છે. કેટલાક વરિષ્ઠ અધિકારીને કારણે નોકરી-ધંધા સંબંધિત મુદ્દાઓ ઉકેલાશે. બાળકોને લગતી સમસ્યાઓ ઉકેલાશે. પ્રેમ સંબંધ સુખદ રહેશે.

ધનુ : કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથે ઝઘડો તમારા માટે હાનિકારક સાબિત થઈ શકે છે, એટલે ક્રોધ અને વાણી પર નિયંત્રણ રાખો. વિદ્યાર્થીઓને ફરીથી તેમની તૈયારીઓ પૂર્ણ કરવાની તક મળશે. મિત્રો સાથે લાંબી યાત્રા પર જવાનો પ્લાન બનશે અને લગ્નજીવનમાં શાંતિ રહેશે.

મકર : કાર્યક્ષેત્રમાં કોઈ સાથીદાર તમારી વિરુદ્ધ કાવતરું ઘડી શકે છે, સાવચેત રહો. ઉપરાંત ધ્યાનમાં રાખો કે તમે વરિષ્ઠ અધિકારી સાથે તણાવ કરતા નથી ને. વિવાહિત જીવન મધુર રહેશે અને એકબીજાની ભાવનાઓને પૂર્ણ માન આપશો.

કુંભ : ધંધામાં સમયસર નિર્ણય સફળ સાબિત થશે અને નવો ધંધો શરૂ કરવા માટેનો માર્ગ મોકળો કરશે. જો તમે વિરોધીઓની ટીકા તરફ ધ્યાન ના આપીને તમારું કાર્ય કરતા રહેશો તો સફળતા મળશે.

મીન : સામાજિક વિસ્તારનો વિકાસ થશે અને માનસિક તણાવથી રાહત મળશે. વિદ્યાર્થીઓ માટે સમય અનુકૂળ છે, ઉચ્ચ શિક્ષણમાં આવતી અડચણ પૂર્ણ થશે. સરકારી કર્મચારીઓની બદલીની યોજના છે. કાર્યસ્થળે કોઈ સ્ત્રી તમારા કામથી પ્રભાવિત થઈ શકે છે.

# દાહોદમાં ચકચારી મર્ડર કેસ : નોકરી શોધતો લેબ ટેકનીશીયન બન્યો કિલર

દાહોદ,

દાહોદ શહેરના એમ.જી. રોડ કુકડા ચોક (વલ્લભ ચોક) ખાતે બે દિવસ પહેલા સમી સાંજે ભરબજારમાં વ્હોરા સમાજના યુવકની હત્યાના મામલામાં દાહોદ પોલીસની જુદી જુદી પાંચ ટીમો દ્વારા ગુન્હાનો ભેદ ઉકેલી નાંખવા તપાસનો ધમધમાટ આરંભ કરતાં આરોપી હત્યારાને ગોધરા તેના મામાને ત્યાંથી ઝડપી પાડી લીધો છે. ત્યારે આ હત્યા વાહન અકસ્માત (રોડ રેન્જ)મામલે નહીં પરંતું યુવકને મોતને ઘાટ ઉતારવા માટે પૂર્વ આયોજીત કાવતરાના ભાગરૂપે કોન્ટ્રાકટ કિલિંગ અંતર્ગત હત્યા કરવા સોંપારી અપાઈ હોવાનું પોલીસ સમક્ષ ઝડપાયેલ આરોપીએ કબુલાત કરતાં ચકચાર મચી જવા પામી હતી. હાલ મુખ્ય આરોપીને પોલીસે ઝડપી લીધો છે. ત્યારે આ ગુન્હામાં કુલ ચાર ઈસમોની



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

સંડોવણી હોવાનું બહાર આવ્યું છે અને અન્ય આરોપીઓને પકડી પાડવા સારૂં પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

દાહોદના હમીદી મોહલ્લાના રહેવાસી યુનુસ અકબરભાઈ કતવારાવાલા પોતાની મોરસાઈકલ લઈ દાહોદના એમ.જી. રોડ ખાતેથી પસાર થઈ રહ્યાં હતાં. તેમજ તેમની પાછળ મુસ્તુફા સાકીર ઉર્ફે સાકીર ઉર્ફે બાદશાહ શેખ પસાર થઈ રહ્યો હતો અને પ્રથમ તબક્કે વાહન અકસ્માત મામલે રકઝક થઈ હતી અને આક્રોશમાં આવેલા મુસ્તુફાએ ચપ્પુના ઉપરાછાપરી ચાકુના જીવલેણ વાર કરતા યુનુસભાઈ લોહીના ખાબોચીયા સાથે સ્થળ પરજ ઢળી પડચાં હતાં.અને હોસ્પિટલ લઈ જતાં પહેલા રસ્તામાંજ તેમનું મોત નીપજ્યું હતું. ઘટના બાદ મુસ્તુફા બિન્દાસ્ત રીતે ફરાર થઈ જતા પોલીસે આરોપીને ઝડપી પાડવા સારૂં દાહોદના જુદા જુદા વિસ્તારના સીસીટીવી ફુટેજોનો ચકાસણી હાથ ધરી હતી. અને અલગ અલગ ટીમો પાંચ ટીમો બનાવી હતી. મુસ્તુફા શેખને બે દિવસની તપાસ દરમિયાન ઝડપ્યા બાદ મુસ્તુફાની પુછપરછોનો ધમધમાટ આરંભ કરતાં પ્રથમ તબક્કે આરોપી મુસ્તુફાએ આકસ્મિક બનાવ બનેલ હોવાનું રટણ કરતો હતો જોકે પોલીસે મુસ્તુફાની ઝીણવટ ભરી રીતે પુછપરછ કરતાં મુસ્તુફા ભાંગી ગયો હતો અને મુસ્તુફાને પૈસાની જરૂર હોય તેના મિત્ર મોઈન હમીદખાન પઠાણને બે અઠવાડીયા અગાઉ કામ આપવા બાબતે વાત કરી હતી અને મોઈન પઠાણે તેના મિત્ર મોહમંદ ઉર્ફે જુજર ઈસ્માઈલભાઈ લોખંડવાલાએ મરણ જનાર યુનુસભાઈ સાથેની તેની જમીની લેવડ દેવડમાં તેના ઉપર કોર્ટ મેટર દાખલ તેમજ યુનુસ જોડે ચાલતાં બીજા અન્ય ગુનાઓથી પોતે છુટકારો મેળવવા માંગતો હોય જેથી મોહમંદ લોખંડવાલાની ઓફિસમાં ૧૦ લાખ રૂપીચાી સોપારી મોઈન પઠાણ દ્વારા લેવામાં આવી હતી અને મરણ જનાર મુસ્તુફાને મોતને ઘાટ ઉતાર્યો હોવાનું આરોપી મુસ્તુફાએ પોલીસ સમક્ષ કબુલાત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૧૨ વર્ષથી ચાલતી આ તકરારમાં યુનુસભાઈ કોણ કોને કેટલું નડ્યું.?એતો બહાર આવશે જ.પરંતુ જમીનો અને મીલ્કતો બાબતમાં વિવાદાસ્પદ કારર્કિદી ધરાવતાં અને મોતને ઘાટ ઉતારાયેલા યુનુસે કોની સામે કેટલી અરજીઓ અને કોના સોદાઓ કેટલીવાર ફોક કરાવ્યાં છે.? તે દિશામાં પણ ઘનિષ્ઠ તપાસ હાથ ધરાય તો હજુ વધુ ચોંકાવનારી હકીકતો બહાર આવવાની સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે.તો આ હત્યામાં સોપારી આપનાર ઝુઝર લોખંડવાલા સહિત અન્ય પરિવારો કે અન્ય જમીનદારો પણ સામેલ છે કે નહીં ? તે દિશામાં પણ પોલીસે તપાસ હાથ ધરી છે.

## નોકરી શોધતો લેબ ટેકનીશીયન બન્યો કિલર : હત્યાને પાર પાડવા માટે ૧૦ લાખની સોપારી અપાઈ

સમી સાજે દાહોદના વલ્લભ ચોક ખાતે થયેલી હત્યા કોન્ટ્રાકટ કીલીગ હોવાનું બહાર આવ્યું છે. દાહોદ ખાતે બનેલા ચકચારી હત્યાના બનાવમાં જમીન સંબંધી તકરારો અને અદાવતમાં ૧૦ લાખની સોપારી આપી યુનુસનો કાંટો કાઢવાની યોજના ઘઢાઈ હતી જેમાં મુખ્ય આરોપી મોઈનને તેના મિત્ર મહોમંદ ઉર્ફે ઝુઝર ઈસ્માઈલ લોખંડવાલાએ મરણ જનાર યુનુસ અકબર કતવારાવાલાને પતાવી દેવાની અને તેનો કાંટો કાઢવાની વાત કરી કોઈ માણસ શોધી આપવાની વાત કરી હતી. આ કામ થાય તો રૂા. ૧૦ લાખ આપવાની પણ ઔપચારિક વાત થઈ હતી. આ દરમ્યાન લેબમાં સામાન્ય સેમ્પલ કલેક્શનનું કામ કરતાં મુસ્તુફા અને મોઈન બંન્ને મિત્રો હતાં અને વારંવાર મળતાં હતાં. મિત્રાચારીમાં મુસ્તુફાએ મોઈનને કામ અપાવવા અથવા સાલુ કંઈક કરવું છે અને ડોન બનવું છે. તેવું મહેચ્છા વ્યક્ત કરી હતી. મુસ્તુફાની જરૂરીયાત અને કંઈક અંશે નાદાનીયત દેખી મોઈને મુસ્તુફાને જ મોહરો બનાવ્યો હતો.અને ઝુઝર લોખંડવાલા પાસે થયેલ વાત મુજબ મુસ્તુફાને કરતાં મુસ્તુફા આ કામ કરવા તૈયાર થઈ ગયો હતો ત્યાર બાદ આ સમગ્ર હત્યાકાંડનું ષડયંત્ર રચવામાં આવ્યું હતું.

- છેલ્લા ૧૦ વર્ષથી ચાલતા વિવાદ અને તકરાર લઈને કોન્ટ્રાકટ કિલિંગ અંતર્ગત ૧૦ લાખની સોપારી અપાઈ હોવાનો પર્દાફાશ.
- દાહોદ પોલીસે હત્યારા સહીત ૪ ઈસમોને ઝડપી પાડયા.
- હત્યાકાંડમાં સામેલ આરોપીઓએ એક અઠવાડિયા સુધી રેકી કરી ઘટનાને અંજામ આપ્યાનો ખુલાસો.
- દાહોદ જિલ્લા પોલીસે ટેકનિકલ સોર્સ તેમજ વિજ્ઞાનનો સમન્વય સાધી બે દિવસમાં હત્યાનો ભેદ ઉકેલ્યો.

## મુસ્તુફાએ ઘટનાના દિવસે મોઈનના ઘરેથી ચાકુ લાવી ઘટનાને અંજામ આપ્યો

હત્યામાં વપરાયેલ ચાકુ મુસ્તુફાના ઘરે મુકવાની જગ્યા ન હોય એ ચક્કુ મોઈનના ઘરે મુકવામાં આવ્યું હતું અને જે દિવસે હત્યા કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તે સમયે મુસ્તુફા મોઈનના ઘરેથી ચપ્પુ લઈને આવ્યો હતો અને આમ, ડોન બનવાના સપના દેખતાં મુસ્તુફાએ થોડાક પૈસાની લાલચમાં સમગ્ર ઘટનાને અંજામ આપી અને પોતાની મહેચ્છાને પુર્ણ વિરામ આપી દીધો હતો. જો કે, પ્રથમવારજ ગુન્હો આચરતાં અને કોઈ લાંબી ગણતરી ન ધરાવતાં મુસ્તુફાએ પોતાની ઘરનું સંચાલન કરવાનું અને પોતાના ઘરે સીધુ પાણી પહોંચાડવાની હૈયાધરપત પણ મેળવી હતી. ત્યારે મોઈને અને ઝુઝર લોખંવાલાએ આ સમગ્ર બનાવને અકસ્માતમાં ખપાઈ દઈ અને અમારૂ નામ પોલીસમાં નહીં આપે તો તારા ઘરે અમે સીધુ સામાન પહોંચાડીને જવાબદારી લેવાનું સ્વીકાર્યું હતું.

## હત્યાકાંડ ને અંજામ આપવા હત્યારાઓ દ્વારા છેલ્લા એક અઠવાડિયાથી રેકી કરી હતી : છેલ્લી ઘડીએ યુનુસભાઈએ રસ્તો બદલતા હત્યા કરવાની જગ્યા બદલાઈ

પહેલીવાર ગુન્હાના ઈતિહાસમાં પગ મુકનારા ડોન બનવાની મહેચ્છા રાખનારા મુસ્તુફાએ રેકી કર્યા પછી નિર્ધારિત સ્થળે હત્યા કરવાને બદલે અન્ય સ્થળે હત્યા કરી હોવાનું પોલીસની પુછપરછમાં જણાવ્યું હતું. જેમાં છેલ્લા અઠવાડિયાથી મોઈન કાળુએ હત્યા કરાયેલ યુનુસની સમગ્ર રોજીંદી અવર જવર, આવન જાવન,તેની બેઠક-ઉઠકની રેકી કરી તેની રજેરજની વિગત મુસ્તુફાને આપી હતી. તેને આધારે તેનો અભ્યાસ કરી મુસ્તુફાએ યુનુસને પતાવી નાંખવાનું નક્કી કર્યું હતું જો કે, આ સમગ્ર હત્યાકાંડના કાવતરામાં મરણ જનાર યુનુસને તેના ઘર નજીક આવેલી હુસેની મસ્જીદ નજીક પતાવવાનું નક્કી થયું હતું.અને તે હિસાબે મુસ્તુફા યુનુસની પાછળ પાછળ આવતો હતો આ દરમ્યાન મોઈન અને કાળુ ઉર્ફે ફહદ નક્કી કરેલા કોર્ડવર્ડ મુજબ વર્તવાનું શરૂં કર્યું હતું. યુનુસ તેની ઘરેથી નીકળે ત્યારે તેની જાણ મુસ્તુફાને ફોનના ઈશારે કરવાનું નક્કી કરાયું હતું પરંતુ યુનુસના ઘર નજીક વલ્લભ ચોક ખાતે જોગાનુ જોગ ટ્રાફિક જામ મળતાં યુનુસ જેવો વળવા ગયો રીક્ષા, માટીના ઢગલા અને અન્ય ભીડભાડને કારણે મુસ્તુફાની ગાડી યુનુસની ગાડી સાથે ટકરાઈ હતીં કે ટકરાવી હતી. આજ બાબતનો લાભ લઈ મુસ્તુફાએ ઝઘડો તકરાર કરી અકસ્માતનું કારણ આગળ ધરી ઉપરા છાપરી યુનુસનું ઢીમ ત્યાજ ઢાળી દીધું હતું અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

## સમગ્ર હત્યાકાંડ પૂર્વઆયોજીત ષડયંત્ર રૂપી કાવતરૂં : સમગ્ર હત્યાકાંડમાં ચાર આરોપીઓ સામેલ હોવાનું સામે આવ્યું

સમી સાંજે ભર બજારમાં થયેલી હત્યાકાંડમાં કોન્ટ્રાક્ટ કીલીંગનો મામલો સામે આવ્યો છે. જેમાં કુલ ચાર આરોપીઓના નામ બહાર આવ્યાં છે. જેમાં મહોમંદ ઉર્ફે ઝુઝર ઈસ્માઈલભાઈ લોખંડવાલા જેઓ સોપારી આપનાર (રહે. મુળ રાજસ્થાન અને હાલ દાહોદ આવી રહેનાર), નાઓએ મોઈન હમીદખાન પઠાણ (માળીના ટેકરા, કસ્બા, દાહોદ) તો સોપારી લેનાર તરીકે મોઈન હમીકખાન પઠાણ અને આ હત્યાના કાવતરામાં રેકી કરી વિગતો આપવામાં કાળુ ઉર્ફે ફહદ રીઈશ રીઝવી (રહે. ગોધરા રોડ, દાહોદ) ના નામો ખુલવા પામ્યાં છે. હત્યાનો બનાવ બન્યો ત્યારે મોઈન અને ફહદ રીઝવી બંન્ને જે વિસ્તારમાં હત્યા બની તે વિસ્તારમાં જ જોવા મળ્યાં હતાં અને પોલીસે ટેકનીકલ સોર્સના આધારે બંન્નેની હાજરી નોંધી હતી.તો હત્યા કરનાર મુળ મુસ્તુફા શેખ મળી કુલ ચાર આરોપી હાલ પોલીસ ચોંપડે નોંધાંવવા પામ્યાં છે. મળતી જાણકારી મુજબ અન્ય આરોપીઓ પણ પોલીસની રડારમાં હોવાનું અને ટુંક સમયમાં તેમને પણ ઝડપી પાડવામાં આવનાર હોવાનું જાણવા મળી રહ્યું છે.

## છેલ્લા ૧૦ વર્ષથી યુનુસ અને ઝૂઝર વચ્ચે ચાલતા જમીની તકરાર તેમજ વિવાદો યુનુસભાઈની મોતનું કારણ બન્યા

આ સમગ્ર હત્યાકાંડમાં સોપારી આપનાર જુજર લોખંડવાલા તેમજ મરણ જનાર યુનુસ વચ્ચે ૨૦૧૨થી એટલે કે, છેલ્લા ૧૦ વર્ષથી જમીન સંબંધી તકરારો તેમજ વિવાદો ચાલી રહ્યાં હતા. જે અંતર્ગત કેટલાય કેસો નામદાર તેમજ પોલીસ મથકે નોંધાંવવા પામ્યાં હતાં. ત્યારે હાલમાં જ યુનુસ સામેના કેસમાં ચાર દિવસ અગાઉ એક કેસમાં જજમેન્ટ આવ્યું હતું. જે બાદ કંટાળેલા જુજર લોખંડવાલાએ યુનુસનું કાસણ સદાય માટે કાઢી નાંખવા માટે મનોમન નક્કી કરી અને સોપારી આપવામાં આવી હોવાનું કહેવાઈ રહ્યું છે.


## ૧૦ લાખના કોન્ટ્રાક્ટ કિલિંગ સોદામાં એક પણ રૂપિયાની લેવડ દેવડ ના થઈ

૧૦ લાખના કોન્ટ્રાકટમાં ઉલ્લેખનીય બાબત એ છે કે, સમગ્ર હત્યાકાંડ સર્જાઈ ગયો ત્યાં સુધી કોઈપણ રોકડ રકમની લેવડ દેવડ થઈ નથી પરંતુ માત્ર નક્કી થયું હતું જો કે, મોઈનને લોખંડવાલા જુજુરે રૂા. ૫૦ હજાર આપવાના હતા. તે રકમ આ સોપારી પેટે એડવાન્સમાં ગણી લેવાનું જુજરે મોઈનને જણાવ્યું હતું તો પોતાના મિત્ર અને કામની માંગણી કરતાં મુસ્તુફાને કેટલી રકમ આપવાની હતી તે પણ જણાવ્યું ન હતું. મુસ્તુફાના મગજમાં સવાર ડોન બનવાની ભાવનાએ આ આંધણુપણું કરાયું હોવાનું મુસ્તુફાએ પોલીસને જણાવ્યું હતું.

# ગરબાડા રામનાથ મહાદેવ થી હનુમાનજી મંદિર સુધીની પાળની આજુબાજુ સંરક્ષણ દિવાલ ગેટ અને બેઠક વ્યવસ્થા કરાઈ તેવી ગ્રામજનોની માંગ

ગરબાડા,

ગરબાડા રામનાથ મહાદેવ મંદિરથી હનુમાનજી સુધીના રોડની પાળ બન્યાને વર્ષોનો સમય વિતવા આવ્યો છે. ૧૯૮૭ ની સાલમાં કેર સિટીના રાહત કામમાં આ પાળ ઉપર માટી નાખી તેનું મેન્ટેનન્સ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેની મજબુતાઈ માટે કોઈપણ જાતની કામગીરી કરવામાં આવી ન હોવાનું જાણવા મળી રહ્યું છે. પાળની એક તળાવ છે તો બીજી તરફ નવા ગામ તરફ જવાનો રસ્તો છે. ગ્રામ પંચાયત દ્વારા પાળ ની આજુબાજુ સંરક્ષણ દીવાલ બનાવી પિચિંગ કરી પાળ વાળા રોડ ઉપર બંને બાજુ ફૂલ


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

છોડ અને વૃક્ષો લગાવી ગ્રામજનો માટે બેસવાના બાંકડા અને હનુમાનજી મંદિર પાસે ગેટ મૂકવામાં આવે તો અહીંયા આવેલ તમામ મંદિરોનો સમાવેશ ગેટની અંદર થઈ જાય તેમ છે. જો આમ કરવામાં આવે તો મંદિરો તરફ ચાલતી અસામાજિક પ્રવૃત્તિઓ પણ બંધ થાય તેમ છે. જે સ્થાનને વિકસાવવા બાબતે ગ્રામજનો દ્વારા ગરબાડા રામનાથ મંદિર પરિસર અને રામનાથ તળાવના બ્યુટીફીકેશન માટે સ્થાનિક અને જિલ્લા કક્ષાએ અનેકવાર રજૂઆતો કરી છે, પરંતુ અગમ્ય કારણોસર આ બાબતે દયાન આપવામાં ન આવતું હોવાનું જાણવા મળી રહ્યું છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ બાબતે દયાન આપી વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તો ગરબાડા નગર સહિત તાલુકાની પ્રજાને સારૂં એવું એક ધાર્મિક પર્યટક સ્થળ મળી રહે તેમ છે.

# કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત રૂ.૮.૦૯ કરોડના ખર્ચે દાહોદનાં ૨૯૮૦૮ ખેડૂતોને મળશે ખાતર-બિયારણનો લાભ

દાહોદ,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આદિજાતિ ખેડૂતોને કૃષિ વૈવિધ્યકરણ યોજના ૨૦૨૨-૨૩ અન્વયે ખાતર-બિયારણ કિટ્સ વિતરણનો ગાંધીનગરથી વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો. જે અંતર્ગત દાહોદના પંડિત દીનદયાલ સભાગુહ ખાતેથી સાંસદ જસવંતસિંહ ભાભોર સહિતના મહાનુભાવો, અધિકારીઓ આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા. આ યોજના અંતર્ગત દાહોદ જિલ્લાના ૨૯૮૦૮ લાભાર્થી ખેડૂતોને રૂ. ૮.૦૯ કરોડના ખર્ચે બિયારણ-ખાતરનો લાભ અપાશે. જેનો આજથી પ્રારંભ કરાયો છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૨થી અમલમાં આવેલી આ કૃષિ વૈવિધ્યકરણની યોજનામાં દર વર્ષે રૂ.૩૦ થી ૩૫ કરોડના ખર્ચે અંદાજે ૧ લાખથી વધુ આદિજાતિ ખેડૂતોને લાભ આપવામાં આવે છે. જેમાં દાહોદ જિલ્લાના ૩૫ હજાર ખેડૂતોને ગત વર્ષે લાભ અપાયો હતો. આ યોજના અંતર્ગત અહીંના ખેડૂત લાભાર્થીઓને રૂ. ૨૭૧૫ ના ખાતર બિયારણનો લાભ પ્રાપ્ત થશે. જેમાં ડીએપીની ૫૦ કિલો થેલી, પ્રોમ ૫૦ કિગ્રા ઓર્ગેનિક મેન્યુઅર ૧ થેલી, મકાઈ બિયારણ ૪ કિલોની ૧ થેલી લાભાર્થીને અપાશે. જેમાં લાભાર્થીનો ફાળો રૂ. ૨૫૦ નો રહેશે.

તેમણે ઉમેર્યું કે, સરકારની વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિજાતિ ખેડૂતોને ઓછા ખર્ચે પાક ઉત્પાદન મેળવી શકે અને આવકમાં વધારો થાય એ ઉદ્દેશથી આ યોજનાનો પ્રારંભ કરાયો છે. ખેડૂતોને આ માટે પાક અને બિયારણ અપાઈ છે. દાહોદ જિલ્લાના ૨૯૮૦૮ લાભાર્થી ખેડૂતોને કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત રૂ. ૮.૦૯ કરોડના ખર્ચે ખાતર તેમજ બિયારણ અપાશે. કાર્યક્રમમાં લાભાર્થી ખેડૂતોને મહાનુભાવોને હસ્તે ખાતર-બિયારણનું વિતરણ કરાયું હતું.

આ પ્રસંગે પ્રાયોજના વહીવટદાર એસ.જે.પંડ્યાએ સ્વાગત પ્રવચન તેમજ મદદનીશ કમિશ્નર વિશ્વદીપસિંહ ગોહિલએ આભાર પ્રવચન કર્યું હતું.

કાર્યક્રમમાં કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી,એ.પી.એમ.સી ચેરમેન કનૈયાલાલ, અગ્રણી સુધીરભાઈ લાલપુરવાલા, પર્વતસિંહ ડામોર, જીએટીએલના સીઈઓ એસ.કે. મિશ્રા, જિલ્લા તેમજ તાલુકા પંચાયતના સભ્યઓ, અધિકારીઓ તેમજ ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદના ખરોદા ગામેથી છોકરી ભગાડી જવાના મામલે ૭ ઈસમોએ મારક હથિયાર સાથે હુમલો કરી ૮ વ્યકિતને ઈજાઓ પહોંચાડી

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોદા ગામે છોકરી ભગાડી લઈ જવાના મામલે સાત જેટલા ઈસમોના ટોળાએ પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી મહિલા સહિત સાતથી આઠ વ્યક્તિને હથિયારોથી માર મારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી ઘરમાં ઘુસી જઈ ઘરમાં તોડફોડ કરી તેમજ એક રીક્ષાની તોડફોડ કરી નુકસાન પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ભયનો માહોલ ઉભો થવા પામ્યો હતો અને આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાંતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ગત તા.૨૨મી મેના રોજ ખરોદા ગામે મોટી બારમ ફળિયામાં રહેતાં સુભાષભાઈ હિરાભાઈ નિનામા, પિનાભાઈ સુરસીંગભાઈ નિનામા, પિન્ટુભાઈ હાંજુભાઈ નિનામા, ગોવિંદભાઈ મેહજીભાઈ નિનામા, જવલાભાઈ દલસીંગભાઈ નિનામા, પ્રકાશભાઈ સોબાનભાઈ નિનામા અને સુનિલભાઈ હિરાભાઈ નિનામાનાઓએ એક સંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી પોતાના ગામમાં રહેતાં અલ્પનાબેન રીતેશભાઈ ડામોરના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, અમારી ભાણેજને તમારો કુંટુંબી લઈ ભાગી ગયેલ છે અને તમે સંતાડી રાખેલ છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને અલ્પનાબેન, રાહુલભાઈ મહેશભાઈ ડામોર, મયુરભાઈ રમેશભાઈ ડામોર, મડીબેન ધનાભાઈ ડામોર, માનાબેન ગોરધનભાઈ ડામોર, વિનોદભાઈ ગોરધનભાઈ ડામોર, રિતેષભાઈ અને દિલીપભાઈ અભેસીંગભાઈ ડામોરને લાકડી હથિયારો વડે, લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી ઘરમાં ટોળુ ઘુસી જઈ ઘરમાં તોડફોડ કરી તેમજ રીક્ષાની પણ તોડફોડ કરી નુકશાન પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત અલ્પનાબેન રીતેષભાઈ ડામોરે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડામાં ત્રણ માસ પહેલા CCTV કેમેરા લગાવવાની કામગીરી આજે પણ અધુરી


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા ગ્રામ પંચાયત દ્વારા સમગ્ર ગરબાડા નગરને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવાની કામગીરી ફેબ્રુઆરી માસના આરંભમાં ચાલુ કરવામાં આવી હતી. જે વાતને ત્રણ માસનો સમય વિતવા છતાં પણ કામગીરી આજે પણ અધૂરી હોવાનું જોવા મળી રહ્યું છે.

ગરબાડા ગ્રામ પંચાયત દ્વારા ત્રણ માસ અગાઉ ૧૫ માં નાણાપંચ યોજના અંતર્ગત અંદાજિત રૂપિયા ૧૮ થી ૨૦ લાખના ખર્ચે ગામમાં ૩૨ ઉપરાંત સીસીટીવી કેમેરા લગાવવાની કામગીરી ચાલુ કરવામાં આવી હતી અને અઠવાડિયામાં આ કામગીરી પૂર્ણ થઈ જશે તેમજ સીટી ટીવી કેમેરાનું મોનિટરિંગ ગરબાડા ગ્રામ પંચાયત થકી કરવામાં આવશે તેવું તલાટીએ જણાવ્યું હતું પરંતુ આજે ત્રણ માસ બાદ પણ આ કામગીરી અધુરી છે.

# દે.બારીઆના કાલીયાગોટા અઢી વર્ષ પહેલા ભગાડી ગયેલ સગીરાને મરજી વિરૂદ્ધ દુષ્કર્મ ગુજારતા ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના કાલીયાગોટા ગામે અઢી વર્ષ પહેલા એક ૧૭ વર્ષીય સગીરા શાળાએથી પરત પોતાના ઘરે જઈ રહી હતી તે સમયે એક યુવક દ્વારા સગીરાને ધાકધમકીઓ આપી પોતાની સાથે બળજબરીપુર્વક પ્રેમ સંબંધ રાખવા મજબુર કરી સગીરાને મારી નાંખવાની ધમકીઓ આપી તેણીને પોતાની મોટરસાઈકલ પર બેસાડી અપહરણ કરી લઈ ગયાં બાદ સગીરાની મરજી વિરૂધ્ધ અવાર નવાર બળાત્કાર ગુજારી તેમજ વડોદરા મુકામે પણ સગીરાને લઈ જઈ ત્યાં પણ બળાત્કાર ગુજારતાં અઢી વર્ષના લાંબા સમયગાળા બાદ યુવકના ચંગુલમાંથી છુટી સગીરા પોતાના પરિવારજનો પાસે આવી પહોંચી હતી અને આ સંબંધે સગીરા દ્વારા યુવક વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાંવ્યાંનું જાણવા મળે છે.

વર્ષ ૨૦૨૦ના સમયગાળા દરમ્યાન દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરા રાબેતા મુબજ પોતાના ઘરેથી શાળાએ અભ્યાસ કરવા સારૂં નજીકની શાળાએ જતી હતી. આ સમયગાળા દરમ્યાન અવાર નવાર દેવગઢ બારીઆ તાલુકાના કાલીયાગોટા ગામે રહેતો પંકજભાઈ રમેશભાઈ ડાયરા સગીરાને અવાર નવાર રસ્તામાં રોકી ધાકધમકીઓ આપી, તું આજથી મારી સાથે સંબંધ રાખ,હું તને કહુ છું તેમ કર, જો તું નહીં આવે તો મારી નાંખીશ, તેમ કહી ચપ્પુ બતાવી અવાર નવાર મારી નાંખવાની ધમકીઓ આપતાં હતો. ત્યારે એક દિવસ સગીરા રાબેતા મુજબ પોતાના ઘરેથી શાળાએ જતી હતી અને શાળાએથી અભ્યાસ કરી પોતાના ઘરે આવતી વેળાએ પંકજભાઈ દ્વારા સગીરાને ધાકધમકીઓ આપી પોતાની મોટરસાઈકલ પર બળજબરીપુર્વક બેસાડી અપહરણ કરી લઈ નજીકના ડુંગર વિસ્તારમાં લઈ ગઈ ગયો હતો અને ત્યાં સગીરાની મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. ત્યાર બાદ પંકજભાઈએ સગીરાને વડોદરા બસ સ્ટેશન ખાતે પણ બોલાવી ત્યાંથી તેણીનું પત્નિ તરીકે રાખવા અપહરણ કરી લઈ ગયો હતો અને ત્યાં પણ સગીરાની મરજી વિરૂધ્ધ અવાર નવાર બળાત્કાર ગુજાર્યો હતો અને ફોન પર પોતાના પરિવારજનોને આ બાબતની વાત કરીશ તો મારી નાંખીશ તેવી ધાકમધકીઓ પણ આપી હતી.

સમગ્ર ઘટનામાં સગીરા અઢી વર્ષના લાંબા સમયગાળા બાદ પંકજભાઈના ચંગુલમાંથી છુટી પરત પોતાના પરિવરાજનો પાસે આવી પહોંચી હતી અને ઉપરોક્ત ઘટનાની આપવીતી પોતાના પરિવાજનોને કરતાં પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી અને સગીરાને લઈ પરિવારજનો પીપલોદ પોલીસ મથકે આવ્યાં હતાં અને જ્યાં સગીરા દ્વારા પંકજભાઈ રમેશભાઈ ડાયરા વિરૂધ્ધ ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.231

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા


પંચમહાલ સમાચાર


## વેજલપુર ગ્રામ પંચાયતમાં બદલી કરાવી આવેલ

# તલાટી તેમના સ્થાને નિવૃત્ત તલાટી બેસાડીને વહીવટ કરાવી રહ્યા હોવાની ચર્ચા

## વેજલપુર પંચાયત તલાટીએ તેમના સ્થાને નિવૃત્ત તલાટીની વહીવટી મદદ માટે TDOને અવગત કર્યા ખરા ?

## વેજલપુર પંચાયતમાં નવા તલાટી ગેરહાજર ત્યારે આવા વગદાર તલાટી સામે કાર્યવાહી થશે





તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર, કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયતમાં થોડા દિવસો પહેલા હાલોલ થી બદલી કરાવીને વેજલપુર પંચાયતમાં હાજર થયેલ તલાટી કમ મંત્રી પંચાયતમાં મોટાભાગે ગેરહાજર રહે છે અને તેમના સ્થાને નિવૃત્ત તલાટીને પંચાયત કચેરીમાં તલાટીના ટેબલ ઉપર બેસીને કામ કરતાં હોવાના મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. પ્રશ્ન થાય કે હાલોલ થી બદલી કરાવી કાલોલ તાલુકામાં આવી મરજી મુજબ વેજલપુર પંચાયતમાં આવેલ તલાટી સામે કાલોલ તાલુકા વિકાસ અધિકારી દ્વારા તલાટીને મૂક છુટછાટ આપવામાં આવી હશે ? તેવા પ્રશ્નો ઉઠી રહ્યા છે.

કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયતના તલાટીની બદલી થઈ છે. ત્યારે હાલોલ તાલુકા માંથી કાલોલ તાલુકામાં બદલી કરાવીને હર્ષદભાઈ નામના તલાટી આવ્યા હોય અને પોતાની વગથી કાલોલ તાલુકાની વેજલપુર ગ્રામ પંચાયતમાં તલાટી તરીકેનો ઓર્ડર કરાવ્યો હતો અને વેજલપુર ગ્રામ પંચાયતમાં હાજર થયેલ હર્ષદભાઈ તલાટી ગ્રામ પંચાયત કચેરીમાં હાજર રહેતા નથી તેમના સ્થાને વેજલપુર પંચાયતમાં તલાટીની ખુરશી ઉપર નિવૃત્ત તલાટી કમ મંત્રી કે.પી.રાઠોડને બેસાડીને વહીવટી કામગીરી કરાવી રહ્યા છે. વેજલપુર પંચાયત કચેરીમાં બદલી થઈને આવેલ તલાટીના સ્થાને નિવૃત્ત તલાટી સરકારી રેકર્ડની કામગીરી કરતાં જોવા મળી રહ્યો છે. તે જેમાં વેજલપુર પંચાયતમાં નવા બદલી થઈને આવેલ હર્ષદભાઈ માત્ર નામનો તલાટી હોય તેને પંચાયતના વહીવટી માટે નિવૃત્ત તલાટીનો સહારો લેવા પડી રહ્યો છે.

વેજલપુર ગ્રામ પંચાયતમાં આવેલ તલાટી હર્ષદભાઈને ક્યાંક તો પંચાયત વહીવટની જાણકારી ધરાવતા નથી અથવા ગ્રામ પંચાયતમાં ગેરહાજર રહીને પોતાની કામગીરી કરવામાં નિષ્ક્રિય છે. હાલ વેજલપુર પંચાયતમાં હાજર થયેલ હર્ષદભાઈ તલાટીને ગ્રામ પંચાયતના વહીવટનું સાત ધરાવતા ન હોય તો આવા તલાટીએ અત્યાર સુધી કેવી રીતે ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવી હશે. તેની તપાસ કાલોલ તાલુકા વિકાસ અધિકારી અને જીલ્લા વિકાસ અધિકારી તપાસ કરીને આવા ફરજ પ્રત્યે બેજવાબદાર તલાટીને માત્ર વગના આધારે મનમાની ગ્રામ પંચાયતમાં ઓર્ડર આપવામાં આવતો હશે કાલોલ તાલુકા ટી.ડી.ઓ. દ્વારા વેજલપુર તલાટીને તેમના સ્થાને નિવૃત્ત તલાટીને કામગીરી કરવાની મૂક પરવાનગી આપી હશે. તેવા પણ પ્રશ્નો ગ્રામજનોમાં થઈ રહ્યા છે.

# ગોધરા ભુમાફિયાઓ અઢળક જમીનો ધરાવતા હોવા છતાં મહેસુલી કર્મચારીઓ ગેરરીતિ કરી પધરાવી દીધેલ જમીનો બાબતે લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ થાય તે જરૂરી

## ચિખોદ્રાના સર્વે ૧૧૭,૧૪૧, હમીરપુર સર્વે નં.૩૨ વાળી જમીનોમાં ગેરરીતિ કરી પધરાવામાં આવી

ગોધરા, ગોધરા તાલુકાના ચિખોદ્રા રે.સ.નં.૧૧૭ના હે.આ.પ્ર. ૦-૧૧-૧૩ આકાર ૩૦-૩૧ તથા સ.નં.૧૪૧ના હે.આ.પ્ર-૦-૧૫-૧૮ આકાર ૩૧.૦.૧૫ની જમીનો મામલતદાર તાત્કાલીન ખોટો હુકમ નંબર જમન/ભાડા પટા/ વશી/ એસ.આર.નં.૧/૨૦૧૫ તા.૧૩/ ૨/૨૦૧૫ થી આવી કિંમતી જમીનો સરકારી હેડે ચાલતી હોવા છતાં કોઈપણ જાહેરાત વગર એક વર્ષ મુદ્દત માટે આપવામાં આવેલ ભાડા પેટાની રકમ ૪૨૦માં ખુબ જ જીલ્લા કલેકટરના મામલતદાર ગ્રામ્ય તથા પ્રાંત ગોધરાના કર્મચારી, અધિકારીઓ સાથે સંબંધ મહેબુબ એહમદ સીંધીને સરકારની નામની જમીનો પધરાવી દેવામાં આવેલ છે અને રામજી મંદિરના ટ્રસ્ટીઓ કે દૈનિક સમાચાર વગર લાંબા ગાળે લાંચ રૂશ્વત લઈ તા.૧૩/૨/૨૦૧૫ નોંધ જોતા આ જમીનો એક વર્ષ મુદ્દત આપવામાં આવેલ અને તેમાં ૭ વર્ષ અને ૩ માસ હોવા છતાં હાલ તેઓના નામ ઉપર ચાલી રહેલ છે પરંતુ આ બાબતે રામજી મંદિરના ટ્રસ્ટીઓને જાણ કરી કરવામાં આવેલ નથી અને મોટા પ્રમાણમાં લાંચ રૂશ્વત લઈ આવી કિંમતી જમીનો ગુજરાત સરકારના જાણ બહાર તથા મુળ માલિકોને જાણ કર્યા વગર આવી જમીનો ગેરવલ્લે કરી કરાવી તથા સુધારા હુકમોનો આધાર લઈ સરકારી સેવકો સરકારની નોંધો ઉડાવી નામે છે. જેથી ગુજરાત રાજ્ય સરકારની સરકારી જમીનો ઉપર નજર રહેશે નહીં તો તમામ સરકારના નિયમો વિરૂદ્ધની કાર્યવાહી આવા ઈસમો રફેદફે કરી એકબીજાના નામ ઉપબર ફેરફાર કરી કરાવી ખુબ જ મોટા પ્રમાણમાં રાજ્ય સરકારના સેવકો લાંચ રૂશ્વતો લઈ એકબીજાના મેળાપીપણામાં રેકડી / ગેરરીતિઓ સરકાર સાથે પંચમહાલ જીલ્લા કલેકટરના કર્મચારીઓ, અધિકારીઓએ કરેલ છે. જેથી સરકારના કાયદા તથા સરકાર આદેશો પરિપત્રો ઠરાવોને લઈ ધ્યાન નહીં લેનાર તથા લેવડાવનાર સામે કાયદા તથા મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી આવા કર્મચારીઓ, અધિકારીઓ સામે લાલ આંખ કરશે કે કેમ અને તેઓ સામે ખાતાકીય પગલાં લેવા જીલ્લા ક્લેકટર અને ચી.ટુ.વસાવા ગુજરાત સરકારના વહીવટદાર અને અધિક કલેકટર અને મેજીસ્ટ્રેટ પંચમહાલ ગોધરા આ બાબતે ધ્યાને લઈ આગળની કાર્યવાહી કરશે કે કેમ અને નોંધ નં-૨ અપલોડ નહી કરનાર તલાટી તથા અધિકારી સામે જરૂરી પગલાં લઈ સ્ટેશન ડાયરીમાં નોંધ મુકાવશે કે કેમ તે જોવાનું રહ્યું અને મોજે ચિખોદ્રાની સરકારી જમીનો મુળ રામજી મંદિરના વહીવટદારોને જાણ કરી કરાવી યોગ્ય કાર્યવાહી હાથ તેવી અમારી ફરિયાદ છે. જે અંગે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ પી.બી. કુંભાણી મામલતદાર ગ્રામ્ય વિભાગ પાસે માહિતી માંગેલ છે. પરંતુ ફકત ને ફકત નોંધ નં-૨ની માહિતી આપવામાં આવેલ છે. જે બદલ પ્રથમ અપીલ અધિકારી પ્રાંત ગોધરા અને નાયબ કલેકટરને તા.૧૦/૫/૨૦૨૨ના રોજ પ્રથમ અપીલ ગોધરા સમક્ષ કરેલ છે.

આમ, આ ઈસમ મેહબુબ એહમદ સિંધી દ્વારા આવા પ્રકારની મોજે અમીરપુરની રે.સ.નં.૩૨ વાળી સરકારની નોંધ થયેલી છે. જે જમીનો નિરાધાર ઈસમોને સરકારી પટ ભરી તે જમીન પણ ગોધરા મામલતદાર ગ્રામ્ય વિભાગ ખોટા હુકમ નંબર જ.મ.ન./ ભાડા/પટા/વશી૬૬૮/૨/તા.૧૬/ ૨/૨૦૧૫માં ખુબ મોટા પ્રમાણમાં લાંચ રૂશ્વત લઈ ગોધરા અઢળક મિલ્કતો ધરાવતા અને ખુબ જ મોટા પ્રમાણમાં રાજ્ય સેવકો સાથે સંબંધ ધરાવતા મેહબુબ એહમદ સિંધીને આ જમીન પણ ચિખોદ્રાના રે.સ.નં.૧૧૭-૧૧૪ના જે ૩૨ હમીરપુરની સરકારી જમીન પધરાવી દેવામાં આવી છે. જેથી ગુજરાત સરકાર મુખ્ય સરકારએ નિમેલા મહેસુલ તપાસણી તકેદારી સેલ તથા ગુજરાત રાજ્ય સરકારના મુખ્ય લાંચ રૂશ્વત તથા ભ્રષ્ટાચાર તથા સરકાર સાથે ગેરરીતિઓ બદલ રાજ્ય તકેદારી આયોગ આ બાબતે જરૂરી કાર્યવાહી કરશે કે કેમ તે પણ અગત્યની વાત છે.

આમ, ગુજરાત સરકાર મહેસુલ તપાસણી પી.ભારતી આવી સરકારને નુકશાન કરતી ગેરરીતિઓ કરી કરાવનાર તથા જે તે સમયના સંબંધીત રાજ્ય સેવકો સામે ગુજરાત તકેદારી આયોગના અધિક સચિવ સમક્ષ જરૂરી કાર્યવાહી કરી કરાવશે કે નહીં અને મહેસુલ અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના આદેશો ભારપૂર્વક હોય તેઓના શબ્દ મોટા ચમરબંદી હશે તેને પણ છોડવામાં આવે નહી તેઓનું પાલન મહેસુલ વિભાગ ગાંધીનગર કરશે કે કરાવશે તે અગત્યની વાત છે.

આમ, ગોધરા ગામની ચિખોદ્રાની નોંધ નં-૨ તથા તે ઉપર સરકારી પડતર થયેલ તમામ મિલ્કતો ૭/૧૨ ૮-અ ગામ નમુનાને રામજી મંદિરનું નામો દાખલ થાય તેવી રાજ્ય સરકાર કાયદા અને મહેસુલ મંત્રી તથા મહેસુલ તપાસણી અને રાજ્ય તકેદારી આયોગ થી પણ આવા પંચમહાલ જીલ્લાના કર્મચારીઓ, અધિકારીઓ સામે તકેદારી આયોગ ગુજરાત સરકાર મેન્યુઅલ ૧૯૭૧ મુજબના શિસ્તભંગના પગલાં ભરે તો ભ્રષ્ટાચારના પુતળા સાફ થાય તેમ છે. જેવી પંચમહાલ જીલ્લાની પ્રજાની માંગો છે અને રાજ્ય સરકાર તરફ પણ કર્મચારીઓ, અધિકીઓ પંચમહાલના રાજ્ય સેવકો સોમ ગેરરીતિઓ કાયદાના ભંગ રેવન્યુ રેકર્ડ વિરૂદ્ધની કરેલ બાબતે યોગ્ય કાર્યવાહી થાય તેવી ગુજરાત સરકાર સમક્ષ રજુઆતો કરવામાં આવેલ છે. તેવું પણ જાણવા મળેલ છે. જે પ્રજાને ન્યાય મળે અને ન્યાયની સમતુલા સચવાય તેવી માંગોની રજુઆતો થયેલી છે.

# ગોધરા વેજલપુર રોડ કેપ્સુલ પ્લોટમાં જુગાર રમતા બે ઈસમો ઝડપ્યા

ગોધરા, ગોધરા વેજલપુર રોડ કેપ્સુલ પ્લોટની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યો. વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા વેજલપુર રોડ કેપ્સુલ પ્લોટની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન ઈબ્રાહિમ સિદ્દીક પટલા, તોફીક મજુર હુસેનને ઝડપી પાડવામાં આવ્યા હતા. બન્ને ઈસમો પાસેથી ૧૯,૭૧૦/-રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરી આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવામાં આવી.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

હાલોલ તાલુકા ખ.વે. સંઘ

મુ. ગાયત્રીનગર, તા.હાલોલ, જી. પંચમહાલ



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જય જલારામ ગ્રા.ભંડાર

મુ. મસવાડ, તા.હાલોલ, જી. પંચમહાલ


## મોરવા(હ) ખાતે રાજ્ય મંત્રી નિમિષાબેન સુથારના મુખ્ય મહેમાન પદે

# કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ આદિજાતિ ખેડુતોને ખાતર-બિયારણ કિટ્સ વિતરણનો કાર્યક્રમ યોજાયો



ગોધરા, આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત કૃષિ વૈવિધ્યકરણ યોજના ૨૦૨૨-૨૩નો પંચમહાલ જિલ્લાનો કાર્યક્રમ રાજય કક્ષાના આદિજાતિ વિકાસ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, તબીબી શિક્ષણ મંત્રી નિમિષાબેન સુથારના મુખ્ય મહેમાન પદે અને જિલ્લા કલેકટર સુજલ મયાત્રા તેમજ મહાનુભાવોની ઉપસ્થિતિમાં મોરવા(હ) ખાતે મામલતદાર કચેરીના પટાંગણમાં શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રાજય મંત્રી નિમિષાબેન સુથારે જણાવ્યું હતુંકે, કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત રાજયના આદિજાતિ જિલ્લાઓમાં આદિજાતિના લાભાર્થીઓને અમલીકરણ એજન્સી દ્વારા સુધારેલ બિયાર, ખાતર અને વાવણી અંગેની તાલીમ આપવામાં આવે છે. જેથી ખેડૂતો વાવણી સમયે સારૂ ઉત્પાદન મેળવી શકે અને આજીવીકા મેળવી આવક ઉભી કરી શકશે. રાજ્યના પૂર્વ પટ્ટામાં વસતા આદિજાતિ ભાઈ-બહેનોની ચિંતા કરીને તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વનબંધુ કલ્યાણ યોજનાની શરૂઆત કરાવી હતી. આ યોજનાના સફળ અમલીકરણથી આદિજાતિ વિસ્તારોમાં રોડ, રસ્તા, પાણી વીજળી, શિક્ષણ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ બનતા આમૂલ અને ક્રાંતિકારી પરિવર્તન આવી રહ્યું છે. તેમણે કહ્યું કે આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે કટીબધ્ધ આ સરકારે કૃષિ વૈવિધ્યકરણની યોજના હેઠળ આદિજાતિ ભાઈ-બહેનોને સુધારેલ બિયારણ અને ખાતર આપીને આર્થિક રીતે પગભર બનાવ્યા છે. આ યોજના સમગ્ર ગુજરાતમાં વર્ષ ૨૦૦૭ થી આજ દિન સુધી માત્ર આદિજાતિ વિસ્તારના તાલુકાઓમાં જ અમલી થતી હતી. જે અંતર્ગત પંચમહાલ જિલ્લામાં આટલા વર્ષો સુધી માત્ર ઘોઘંબા તાલુકાના આદિજાતિ ખેડૂતો લાભ મેળવતા હતા. પરંતુ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ થી આ જિલ્લામાં પોકેટ અને કલસ્ટર વિસ્તારના ગામડાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. જે ૯૫ ગામો પૂરતું સીમીત ન રહેતા કુલ ૨૪૪ ગામોના ૭૦૬૦ જેટલા ખેડૂતોને લાભ આપવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.


કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત લાભાર્થીઓને અંદાજીત રૂમ. ૨૯૫૦/- ની બજાર કિંમતની કીટ માત્ર રૂા.૨૫૦/-ના લાભાર્થી ફાળાની સામે ૫૦ કિ.ગ્રા.ડીએપી ખાતર, ૫૦ કિ.ગ્રા.પ્રોમ ઓર્ગેનીક ખાતર અને ૪ કિ.ગ્રા. મકાઈ બિયારણની કીટ આપવામાં આવશે. ખેત ઉત્પાદન વધારી આદિજાતિ ખેડુતોને આજીવિકા સાથે આવક ઉભી કરવાનો હેતુ રહેલો છે. અમલીકરણ એજન્સી દ્વારા લાભાર્થીઓને બીયારણ કીટ થકી મહત્તમ ઉત્પાદન મેળવવા તાલીમ દ્વારા ખેતી અંગેનું માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવે છે. આ કાર્યક્રમમાં રાજયમંત્રી અને મહાનુભાવોના હસ્તે પ્રતિક રૂપે કૃષિ વૈવિધ્યકરણ યોજનાની ૧૪ લાભાર્થીઓને કીટ વિતરણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં કૃષિ વૈવિધ્યકરણ યોજના વર્ષ ૨૦૨૨-૨૩નો શુભારંભ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે વર્ચ્યુઅલ લોન્ચીંગ ગાંધીનગર થી કરાવ્યું હતું તેમજ ઓડીયો વિઝયુલ ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું તેનુ મહાનુભાવો સહિત ઉપસ્થિત લાભાર્થીઓએ જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત બાંધકામ સનિા ચેરમેન વિક્રમભાઈ ડિંડોર અને તાલુકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન માલીવાડે પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું. જયારે પ્રાયોજના વહીવટદાર ભગોરાએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

આ પ્રસંગે મામલતદાર શીલાબેન નાયક,તાલુકા વિકાસ અધિકારી આર. કે. રાઠવા, સહિત જિલ્લા-તાલુકા સભ્યઓ સહિત આગેવાનો અને આદિજાતિ ખેડુત ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# વૈશાખી વાયરે MGVCLની બત્તી ગુલ : બાજરીનો પાક સુકાયો



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

નદીસર, પંચમહાલ જિલ્લાના પશ્ચિમ વિસ્તારના નદીસર પંથકમાં મહી નદી વિસ્તારમાં આવેલા માતાના મુવાડા, છાપરિયા, અજય માતાના મુવાડા સહિત નદીસર વિસ્તારમાં ઉનાળું બાજરી અને તલનો પાક મુખ્ય છે. ત્યારે છેલ્લા એક અઠવાડિયા થી વૈશાખ માસના અંતમાં વાતાવરણમાં બદલાવ અને રાત્રી દરમિયાન ભારે પવન રહેતા સમગ્ર પંથકમાં ખેતી ક્ષેત્રે આપતો વીજ પુરવઠો ખોરવાય જતા પંથકના ખેડૂતોને તૈયાર થવાની દિશામાં રહેલા બાજરીના પાકને ભારે નુકશાનનો અંદાજ છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ગોધરા તાલુકાના નદીસર પંથકમાં જ્યાં પાણીનો ભરપુર સોર્સ છે. તેવા મહી નદીના કાંઠા વિસ્તારના ખેડૂતો વર્ષો થી ઉનાળુ વાવેતરમાં બાજરી અને તલનો પાક લે છે. જેમાં બાજરી ખાવા માટે અને તેનું ઘાસ પશુઓનાં નીરણ માટે ઉપયોગી છે. આ વર્ષે પણ સમગ્ર પંથકમાં મોટા પાયે બાજરી અને તલના પાકનું વાવેતર કરવામાં આવ્યું છે અને હવે બાજરીનો પાક પૂર્ણ તબક્કામાં છે. ત્યારે છેલ્લા એક અઠવાડિયા થી બપોર બાદ થી લઈને વહેલી સવાર સુધી ભારે પવનના કારણે પંથકની ખેતી ક્ષેત્રે આપતી વીજ લાઈન માં ફોલ્ટ થતા વારંવાર ખોરવાતા વીજ પુરવઠાના કારણે ખેડૂતોને માઠી દશા બેઠી છે. અત્યારે બાજરી અને તલ સહિતના ઉનાળુ પાક પૂર્ણ તબ્બકામાં છે અને ગરમીની ઋતુમાં પાકને જીવતો રાખવા સતત પાણી જોઈતું હોય છે. તેવા જ ટાણે વીજ ફોલ્ટના કારણે ખેડૂતોમાં અગાઉ પ્રિ-મોન્સુન કામગીરી અંતર્ગત વીજ પુરવઠો બંધ કરી થતી કામગીરી પર પણ સવાલો ઊભા થયા છે. ઘણા ખેડૂતો ના જણાવ્યા મુજબ ઉનાળા ના સીઝન ને લઈ ને અત્યારે પોતાના પાલતુ પશુ ઓને પણ ખેતરોમાં રાખે છે. ત્યારે વીજ પુરવઠો બંધ રહેતા પાલતુ પશુઓને પીવા માટેના પાણીની પણ ગંભીર સમસ્યા ઊભી થઈ છે. ખેડૂતોના જણાવ્યા મુજબ વીજ વિક્ષેપના કારણે સતત એક અઠવાડિયા ઉપરાંતના સમય થી ઉનાળુ પાકને પાણી ન મળતા પાકમાં સુકારો જોવા મળે છે. જેના કારણે ઉત્પાદન પર ગંભીર અસર પડે છે. આ તરફ એમ.જી.વી.સી.એલ કાંકણપુરના સૂત્રોનો સંપર્ક સાધતા એવું જણાવેલ કે હાલ પવનની ઝડપ વધુ હોય તેના કારણે વૃક્ષો અડકવા થી લઈને અનેક સમસ્યાઓ ઊભી થવાના કારણે ફોલ્ટ થતા વીજ પુરવઠો બંધ રહે છે. જે એકાદ બે દિવસમાં ઝડપી કાર્યવાહી કરીને ખેડૂતો ને સતત આઠ કલાક સળંગ વીજ પુરવઠો મળી રહે તેમ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે પવનના કારણે વીજ પુરવઠો ખોરવાતા એમ.જી.વી.સી. એલ. પ્રિ-મોન્સુન કામગીરી પર પણ સવાલ ઉપસ્થિત થાય છે.

# ગોધરા કોઠી સ્ટીલ ત્રણ રસ્તા પાસેથી રીક્ષા માંથી ૩૫ કિલો માંસ સાથે એક ઇસમને ઝડપ્યો

ગોધરા, ગોધરા-વડોદરા હાઈવે કોઠી સ્ટીલ ત્રણ રસ્તા પાસેથી રીક્ષામાં લઈ જવાતા ૩૫ કિલો માંસના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા-વડોદરા હાઈવે કોઠી સ્ટીલ ત્રણ રસ્તા પાસે રીક્ષા નંબર જીજે.૨૦.ટી.૧૪૪૨ને ગોધરા બી ડીવીઝન પોલીસે ૩૫ કિલો માંસના જથ્થા સાથે ફારૂક યુસુફ મામજીને ઝડપી પાડવામાં આવ્યો હતો. રીક્ષા માંથી મળી આવેલ ૩૫ કિલો માંસ કિંમત ૭,૦૦૦/-ને કબ્જે લઈ ગૌમાંસ છે કે તેની તપાસ કરવામાં આવી છે.